# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડીગ્રી એન્જીનીયરીંગ, ડીગ્રી ફાર્મસી તેમજ ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (GUJCET) ૨૦૨૦ આજ રોજ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ હતી. ઉક્ત પરીક્ષામાં પરીક્ષાર્થીઓની સલામતી માટે COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈ જરૂરી પગલાંઓ લેવામાં આવેલા છે. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન લેવામાં આવેલ. ઉક્ત પરીક્ષામાં ૧,૨૭,૬૧૫ ઉમેદવારો પૈકી ૧,૦૬,૧૬૧ ઉમેદવારો હાજર રહેલ હતા. જીવ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર ૧૩:૦૦ થી ૧૪:૦૦ કલાક દરમિયાન લેવામાં આવેલ. ઉક્ત પરીક્ષામાં ૭૬,૯૬૭ ઉમેદવારો પૈકી ૬૫,૧૧૫ ઉમેદવારો હાજર રહેલ હતા. ગણિતનું પ્રશ્નપત્ર ૧૫:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમિયાન લેવામાં આવેલ. ઉક્ત પરીક્ષામાં ૫૧,૧૨૨ ઉમેદવારો પૈકી ૪૧,૨૧૩ ઉમેદવારો હાજર રહેલ હતા. વરસાદી માહોલમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંકલન કરીને પરીક્ષાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

અત્રે એ જણાવવું ઉલ્લેખનીય છે કે, કુલ ૧,૨૭,૬૧૫ ઉમેદવારો પૈકી ૧૦,૧૧૨ ઉમેદવારોએ પોતાની પ્રવેશિકા (હોલ ટીકીટ) ડાઉનલોડ કરેલ નથી. એટલેકે વાસ્તવમાં ૧,૧૭,૫૦૩ ઉમેદવારોને ધ્યાને લઈએ તો તે પૈકી ઉપસ્થિત રહેલ ૧,૦૬,૧૬૧ જેટલા ઉમેદવારોની ગણતરી કરતાં તેની હાજરી ૯૦.૩૫ ટકા થાય છે.

ગુજકેટ પરીક્ષા સામાન્ય રીતે અગાઉના વર્ષોમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચની પરીક્ષા પૂર્ણ થયા બાદ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થાય તે પહેલા યોજવામાં આવતી હતી. જેના કારણે ગુજકેટ પરીક્ષા માટે આવેદન કરેલ મોટા ભાગના ઉમેદવારો ગુજકેટ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા હતા. ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં ૧૮,૪૬૮ નિયમિત ઉમેદવારો ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ત્રણ કે તેથી વધુ વિષયમાં અનઉર્ત્તિણ રહેલ હતા. COVID-19 ની પરિસ્થિતિના કારણે ચાલુ વર્ષે ગુજકેટ પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામની જાહેરાત બાદ યોજવામાં આવેલ છે. જેના પરિણામે માર્ચ-૨૦૨૦ ની પરીક્ષામાં ત્રણ કે ત્રણ થી વધુ વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારો કે જેઓએ ગુજકેટ-૨૦૨૦ માટે આવેદનપત્ર ભરેલ હતું, તેઓ નાપાસ હોવાથી ગુજકેટ પરીક્ષામાં ઉપસ્થિત ન થાય તે સ્વાભાવિક છે. વળી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ કેટલાક વિદ્યાર્થીઓએ અન્ય વિદ્યાશાખામાં પણ પ્રવેશ મેળવી લીધો હોય અને તેઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા ન હોય તે સ્વાભાવિક છે. વધુમાં, COVID-19 ની પરિસ્થિતિના કારણે સમગ્ર રાજયમાંથી અમદાવાદ શહેર ૦૧, બોટાદ ૦૧ અને મહિસાગર ૦૧ એમ કુલ – 03 ઉમેદવારોને સલામતીના ભાગરૂપે અલાયદી બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ:-૨૪/૦૮/૨૦૨૦

સ્થળ:- ગાંધીનગર